**કર્મચારી કલ્યાણ મંડળ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નોધણી ક્રમાંક:**
**ઈ/૧૨૦૫/સૂરત**
**તા.૩૧/૮/૧૯૮૮**

| ડૉ. એ.આર.પાઠક | ડૉ. વી.સી.રાજ | ડૉ. એચ.વી.પંડયા |
|---|---|---|
| પ્રમુખ | મંત્રી | ખજાનચી |


**માનવ સેવા એ જ માધવ સેવા**

# –: જાહેર વિજ્ઞપ્તિ :–

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી પરિવારના સર્વે ભાઈ બહેનોને જણાવવાનું કે, અત્રેની યુનિવર્સિટીના કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરીમાં વાયરમેન તરીકે ફરજ બજાવતાં શ્રી અરવિંદભાઈ મણીભાઈ પટેલ ખૂબ જ ગંભીર અકસ્માતનો ભોગ બનતાં  સારવાર અને ઓપરેશન માટે યશફીન હોસ્પિટલ, નવસારીમાં દાખલ કરવામાં આવેલ છે. તેઓને અકસ્માતમાં થયેલ ઈજાઓ જોતાં તેઓને  ઘણાં બધા ઓપરેશનો કરાવવા પડે તેમ છે તથા ખુબ લાંબો સમય સારવાર લેવી પડે તેવી પરિસ્થિતિ ઉભી થયેલ છે. આમ તેમના ઉપર અચાનક ખૂબ જ ભારે આર્થિક ભારણ  આવી પડેલ છે અને તેમની કૌટુંબિક પરિસ્થિતિ સદર ખર્ચને પહોંચી વળે તેમ નથી.

બહોળુ કુટુંબ ધરાવતા તેમજ સાધારણ આવક પર નભતા શ્રી અરવિંદભાઈ તથા તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ આ અસહ્ય નાણાંભીડમાં તેમને યથાશકિત આર્થિક સહાય કરવાની આપણા બધાની નૈતિક ફરજ બને છે. આવી લાચાર અને વિવશ પરિસ્થિતિમાં મુકાયેલ શ્રી અરવિંદભાઈ તથા તેમના કુટુંબીજનોને માનવતા અને પારિવારિક ભાવનાને નાતે આપ સર્વેને તેમને યથાશકિત નાણાંકીય સહાય કરી તેમના કપરા સમયમાં સહાયક બનવા નમ્ર અનુરોધ કરવામાં  આવે છે. આપના માટે નગણ્ય ગણી શકાય તેવી ધનરાશિ શ્રી અરવિંદભાઈ તથા તેમના કુટુંબ માટે સંજીવની બની શકે તેમ છે. આપના યથાશકિત ફાળાની જે તે રકમ વહેલી તકે કર્મચારી કલ્યાણ મંડળના સભ્ય ડૉ. એસ. એન. સરવૈયા, સહ પ્રાધ્યાપક, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી અથવા શ્રી એમ. કે. મલેક, ખેતી મદદનીશ, કેમેસ્ટ્રી વિભાગ, ન. મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારીને  વહેલી તકે જમા કરાવી આપનું અમુલ્ય યોગદાન પુરૂ પાડવા નમ્ર અનુરોધ સહ વિનંતી છે.

સહકારની નમ્ર અપેક્ષા અને આભાર સહ.......

**નવસારી**
**તા. ૧૦/૦૫/૨૦૧૩**

**પ્રમુખ / મંત્રી**
**કર્મચારી કલ્યાણ મંડળ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી**

**તા.ક. : સદર વિજ્ઞપ્તિ મા.કુલપતિશ્રીની મળેલ સંમતિ અનુસાર બહાર પાડવામાં આવેલ છે**

**<u>નકલ સવિનય રવાના જાણ તથા બહોળી પ્રસિધ્ધિ અર્થે:</u>**
તમામ યુનિટ/ સબ યુનિટના વડાશ્રીઓ તરફ જાણ થવા  તથા અત્રેની કૃષિ યુનિવર્સિટીમાં ફરજ બજાવતાં તમામ અધિકારીશ્રીઓ/ કર્મચારીઓને જાણ કરવાની વ્યવસ્થા કરવા તથા ફાળાની રકમ એકત્રિત કરી મોકલવા વ્યવસ્થા કરી આભારી કરવા  વિનંતિ સહ